ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા: ૦૫/૦૬/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૫ જૂન**
**WORLD ENVIRONMENT DAY ની ઉજવણી નિમિત્તે યોજાયેલ વકતવ્ય**

દર વષે તા.૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ (WORLD ENVIRONMENT DAY) તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે **7 BILLION DREAMS, 1 PLANET. CONSUME WITH CARE** ની થીમના આધારે પર્યાવરણ વિશેની જાળવણી અને જાગૃતતા લાવવાના હેતુને લઈને ઉજવણી કરવામાં આવી રહેલ છે. જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૫ જૂન ૨૦૧૫ ને શુક્રવારના રોજ સવારના ૯ થી ૧૧ કલાક દરમ્યાન શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, પરિમલ ચોક, ભાવનગર ખાતે ડૉ.નલિનભાઈ પંડિતનું વકતવ્ય રાખવામાં આવેલ.

આ કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં શ્રી રાજપુરા સાહેબ (વ્યવસ્થાપક દક્ષિણા મૂર્તિ વિનય મંદિર) ડૉ.નલિનભાઈ પંડિત, શ્રી પરેશભાઈ ત્રિવેદી, વિપુલભાઈ (દક્ષિણા મૂર્તિ વિનય મંદિર) ડૉ. ભાવેશભાઈ ભરાડ ઉપસ્થિત રહેલ. જેમણે પર્યાવરણની જાળવણી અને જાગૃતતા વિશે પ્રાસંગિક ઉદબોધન કરી જણાવેલ કે **ભારતીય સંસ્કૃતિએ પર્યાવરણ જાળવણીની પરંપરા છે.**

તજજ્ઞશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવેલ કે દુષિત વાતાવરણ માનવીના આરોગ્યને નુકશાન કરે છે. ૧૦૦ માંથી ૬૦ લોકો દુષિત વાતાવરણથી બિમાર પડે છે. જેનું પરિણામ ઘાતક આવે છે. માનવીએ પોતાની રોજબરોજની જીવન શૈલીમાં ખોરાક, આરોગ્ય અને પોષાક પર્યાવરણને અનુકૂળ આવે તેવા રાખવા હિતાવહ છે તે સમજાવેલ.

ઉપરોકત કાર્યક્રમમાં બાળકોને આનંદભર્યુ વાતાવરણ પુરું પાડનાર આંગણવાડી કાર્યકર્તા બહેનો, શાળાના વિદ્યાર્થી ભાઈઓ–બહેનો તથા શિક્ષક મિત્રો કુલ મળીને ૧૮૦ લોકોએ લાભ લીધેલ. કાર્યક્રમની સફળતા માટે લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડે આપેલ.

પ્રી.પ્રી. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર